# ફિલેમોનને પત્ર

અમારા પ્રિય મિત્ર અને અમારા સહ-કાર્યકર ફિલેમોનને
ઉદ્દેશીને આ પત્ર છે. આપણી બહેન આફિયા, અમારા એક
સહ-કાર્યકર આર્ખિપસ, અને તારા ઘરમાંની એકત્રીત મંડળી
એ સર્વનાં નામ જોગ લખિતંગ. 2ખ્રિસ્ત ઈસુનો બંદીવાન
પાઉલ તથા આપણો ભાઈ તિમોથી.

3દેવ આપણા બાપ અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને
કૃપા તથા શાંતિ પ્રાપ્ત થાઓ.

### ફિલેમોનનો પ્રેમ અને વિશ્વાસ

4મારી પ્રાર્થનાઓમાં હું તને યાદ કરું છું. અને તારા માટે હું
હંમેશા મારા દેવની આભારસ્તુતિ કરું છું. 5દેવ અને સર્વ
સંતો માટે તને જે પ્રેમ છે અને પ્રભુ ઈસુમાં તને વિશ્વાસ છે,
તે વિષે મેં સાંભળ્યું છે. અને તારા એ વિશ્વાસ અને પ્રેમ
બદલ હું દેવની આભારસ્તુતિ કરું છું. 6મારી પ્રાર્થના છે કે જે
વિશ્વાસમાં તું સહભાગી થયો છે તેને લીધે ખ્રિસ્તની દરેક
સારી બાબત આપણામાં છે તે આપણને ખ્રિસ્ત તરફ દોરી
જાય છે તે સારી બાબત તું સમજી શકીશ. 7મારા ભાઈ, તેં
દેવના લોકો પ્રત્યે પુષ્કળ પ્રેમ દર્શાવ્યો છે. તેં તેઓને સુખી
કર્યા છે. આથી મારા મનને ખૂબજ આનંદ તથા દિલાસો
મળ્યો છે.

### એક ભાઈની જેમ ઓનેસિમસનો સ્વીકાર કરજે

8એક બાબત છે કે જે તારે કરવાની છે અને ખ્રિસ્તમાં
તારા પ્રેમને કારણે તને તે કરવાની આજ્ઞા આપવાની મને છૂટ
છે. 9પણ હું તને આજ્ઞા કરતો નથી; હું તો તને તે કામ કરવા
જણાવું છું. હું પાઉલ છું, હવે હું વૃદ્ધ થયો છું, અને ખ્રિસ્ત
ઈસુના કારણે હું કેદી થયો છું. 10મારા પુત્ર સમાન ઓનેસિમસ
વિષે હું તને કહું છું. હું જ્યારે કેદમાં હતો ત્યારે તે મારો
ધર્મપુત્ર થયો છે. 11ભૂતકાળમાં તો તે તારાં માટે નકામો જ
હતો. પરંતુ તે હવે આપણા બંને માટે ઉપયોગી બન્યો છે.

12હું તારી પાસે તેને પાછો મોકલું છું. મારું પોતાનું હૈયું હું
તેની સાથે મોકલું છું. 13સુવાર્તાને કારણે હું જ્યારે જેલમાં છું
એવા સમયે તે મને મદદરુપ થાય, એ માટે હું તેને મારી
પાસે જ અહીં રાખવા ઈચ્છતો હતો. મને મદદ કરતાં કરતાં
એ તારી જ સેવા કરે. 14પરંતુ એ માટે તને અગાઉથી પૂછયા
વિના કંઈ પણ કરવું મને ન ગમે. તારી પર દબાણ કરીને
કામ સોંપું છું એમ નહિ પરંતુ મારા માટે તું જે કંઈ સારું કરે
તે તારી સ્વેચ્છાથી થાય એમ હું ઈચ્છું છું.

15ઓનેસિમસ થોડા સમય માટે તારાથી છૂટો પડી ગયો
હતો, એવું કદાચ એટલા માટે બન્યું કે તે જ્યારે પાછો આવે
ત્યારે હંમેશને માટે તારો થઈને રહે. 16દાસ તરીકે નહિ,
પરંતુ દાસ કરતાં કંઈક વધારે સારો, વહાલા ભાઈ તરીકે હું
તેને ખૂબ પ્રેમ કરું છું. પરંતુ તું એને વધારે પ્રેમ કરીશ. કેવળ
એક મનુષ્યનારૂપે અને પ્રભુમાં સ્થિર એક ખ્રિસ્તી ભાઈ
તરીકે પ્રેમ કરજે. 17જો તારા મિત્ર તરીકે તું મને સ્વીકારતો
હોય, તો તું ઓનેસિમસને ફરી પાછો અપનાવી લેજે. મારું
સ્વાગત કરે તેમ તું એને આવકારજે. 18ઓનેસિમસે જો તારા
માટે કંઈક ખોટું કર્યુ હોય અથવા જો તેણે તારું દેવું કર્યુ હોય,
તો તે મારા ખાતે ઉધારજે.

19હું પાઉલ છું, અને મારા પોતાના હાથે હું આ લખી
રહ્યો છું. ઓનેસિમસનું જે કાંઈ દેવું હોય તે હું ભરપાઈ કરી
આપીશ. અને જો કે તારા પોતાના જીવન માટે તું મારો
કેટલો ઋણી છું, તે વિશે હું કશું જ નથી કહેતો. 20તેથી, મારા
ભાઈ, પ્રભુમાં તું મારી માટે કંઈક કરી બતાવ. ખ્રિસ્તમાં
મારા હૃદયને તું શાંત કર. 21હું તને આ પત્ર લખું છું કારણ
મને ખાતરી છે કે હું જે ઈચ્છું છું તે કામ તું કરીશ જ. હું
જાણું છું કે હું જે કહું છું તે કરતાં પણ તું કંઈક વધારે કરીશ.

22વળી, મારે રહેવા માટે પણ એક ઓરડો તું તૈયાર કરાવી
રાખજે. મને આશા છે કે દેવ તારી પ્રાર્થનાઓનો પ્રત્યુતર
આપશે અને હું તારી પાસે આવી શકીશ.

### અંતિમ શુભેચ્છાઓ

23ખ્રિસ્ત ઈસુ માટે કેદી બનેલો એપાફ્રાસ પણ મારી સાથે
છે. તે તને ક્ષેમકુશળ કહે છે. 24વળી માર્ક, અરિસ્તાર્ખસ,
દેમાસ અને લૂક પણ તને ક્ષેમકુશળ કહે છે. તેઓ મારી
સાથેના કાર્યકરો છે.

25આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા આત્મા
પર થાઓ.